**ફો.કેસ નં. :– ૩૬૭/૨૦૧૮**
**આંક:– ૭૯**

(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular No. 30, Edition 1903]. Civ.A 27g.

**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

મારું નામ:– કૌશીકકુમાર પિતા/પતિનું નામ:– પુંજાલાલ વ્યાસ

ઉ.વ.:– ૭૨ વર્ષ

ધંધો:– નીવૃત(હસ્તાક્ષર નિષ્ણાત, ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, ગુજરાત રાજય ગાંધીનગર.) સરનામુ:–૧૫૦, નયનનગર સોસા. કૃષ્ણનગર રોડ, સહીજપુર બોઘા, અમદાવાદ.

**સોગંદ આપ્યા.....**

**બચાવપક્ષે સરતપાસ આરોપી જાતે**

**(૧)** મારી નીમણુંક આસીસ્ટન્ટ એકઝામીનર કવેશ્ચનરી ડોકયુમેન્ટ તરીકે સને ૧૯૭૮મા થયેલી. મે ગુજરાત યુની. માંથી બીએસસી એલએલબીની ઉપાધી પ્રાપ્ત કરેલ છે. મે હસ્તાક્ષરોની ઓળખ અંગેના વિજ્ઞાન અને તેને સંલગ્ન વિષયને લગતી બે વર્ષની તાલીમ નેશનલ ઈન્સ્ટી. ઓફ ક્રીમીનોલોજી એન્ડ ફોરેન્સીક સાયન્સ, ગૃહ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી ખાતેથી મેળવેલ છે જે પૈકી મે પ્રથમ વર્ષ હસ્તાક્ષરોની ઓળખ અંગેના ત્રણ ગવર્નમેન્ટ એકઝામીનર ઓફ કવેશ્ચન્ડ ડોકયુમેન્ટની પ્રયોગશાળા શીમલા, કલકતા અને હૈદરાબાદ ખાતે તાલીમ મેળવેલ છે. મે ચલણી નોટો અને તેને સંલગ્ન વિષયોની બાબતની તાલીમ કરન્સી નોટ પ્રેસ, નાસીક ખાતે લીધેલ છે અને બેન્ક નોટ પ્રેસ અંગેની સંલગ્ન વિષયોની બાબતની તાલીમ બેન્ક નોટ પ્રેસ, દેવાસ ખાતે લીધેલી છે. મે પેપર ફાયબર પૃથ્થકરણ અંગેની તાલીમ હોશંગાબાદ ખાતે લીધેલ છે. મે ટાઈપરાઈટીંગ અંગેની તાલીમ કલકતા (વેસ્ટ બંગાળ) ખાતે લીધેલ છે. હું સને ૧૯૮૧થી સ્વતંત્રપણે હસ્તાક્ષરો દસ્તાવેજોની ચકાસણી અને તેને સંલગ્ન વિષયોને લગત અસંખ્ય દસ્તાવેજો તપાસેલ છે અને તે કેસોના સમર્થનમા અનેક કેસોમા નિષ્ણાત તરીકે ન્યાયની અદાલતમા જુબાની આપેલ છે. ૨૦૧૧ મા નીવૃત થયા બાદ ખાનગી હસ્તાક્ષર નીષ્ણાત તરીકે કામ કરુ છુ. આ કેસના દસ્તાવેજો પૈકી મને મે બનાવેલ રીપોર્ટ નં. એચડબલ્યુકે/૩૨/૨૦૨૨, તા.૧૦/૦૭/૨૨થી રજુ કરેલ બતાવવામા આવે છે જે જોઈને હું કહુ છુ કે, ઉપરોકત રીપોર્ટ તૈયાર કરવા સમયે મને અશોકભાઈ ગાંડાભાઈ બાપોદરીયાના મુળ હસ્તાક્ષર હોય તેવી નોટીસ તા.૧૯/૦૬/૨૦૧૮ જે ફોજદારી કેસ નં.૩૬૬/૨૦૧૮ મા રજુ થયેલ આંક–૨૪થી નામ. હળવદ કોર્ટમા રજુ કરેલ છે તેની નકલ મને આપવામા આવેલી અને તે સાથે બીજા પચ્ચીસ ચેકોની નકલ જેમા અમુકમા નામ. હળવદ કોર્ટના આંક નંબર લખેલા હતા. ઉપરોકત તમામ પચ્ચીસ ચેકો જે ડી–૧ થી ડી–૨૫ નંબર આપ્યા હતા જેમા પચ્ચીસ ચેકોમા સહી સીવાયનું લખાણ નોટીસ તા.૧૯/૦૬/૧૮ ફોજદારી કેસ નં.૩૬૬/૧૮મા આંક–૨૪મા અશોક ગાંડાલાલ બાપોદરીયાની ગુજરાતીમા કરેલી સહીઓ સાથે મેળવતા તેમા માર્ક એન–૧ થી એન–૫ આપેલ છે. ઉપરોકત તમામ ચેકોમા સહી સીવાયનુ લખાણ અશોકભાઈએ કરેલાનુ મે હસ્તાક્ષર નિષ્ણાત તરીકે આપેલ છે અને ઉપરોકત મળેલ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

તકરારી સહીઓ અને કુદરતી સહીઓ માર્ક–એન–૧ થી એન–પમા અશોકભાઈ ગાંડાલાલ બાપોદરીયા વંચાતી ગુજરાતી સહીઓ જેને ખુબ જ કાળજીપુર્વકના અને તલસ્પર્શી પરીક્ષણ કર્યા બાદ હું એવા અભિપ્રાય પર આવ્યો છુ કે જે વ્યકતીએ લાલ કુંડાળાવાળી તકરારી સહીઓ લખેલ છે તે જ વ્યકતીએ વાદળી કુંડાળા વાળી માર્ક–એન–૧ થી એન–પ વાળી સહી કરેલ છે. મારો ઉપરોકત અભિપ્રાય તા. ૧૦/૦૭/૨૨નો છે જેના દરેક પાના પર મારી સહી છે અને અભિપ્રાય ઉપર પણ મારી સહી છે. મારા ઉપરોકત અભિપ્રાય કરવાનુ કારણ નીચે પ્રમાણે છે. મે લાલ કુંડાળામા ઘેરી લીધેલ તકરારી સહીઓ માર્ક ડી–૧ થી ડી–૨પને હસ્તાક્ષરની ઓળખ અંગેના તમામ પાસાઓથી ચકાસણી કરીને તેને કુદરતી સહીઓ જેને વાદળી કુંડાળા વાળી સહીઓ એન–૧ થી એન–પ વાળી સહીઓ સાથે ચકાસણી કરતા ખુબજ જીણવટ ભરી અને નરી આંખે ન દેખાય તેવી લાક્ષણીકતાઓ અને કોમ્બીનેશન જોવા મળેલ. મે અમને મળેલ કુદરતી સહીઓ માર્ક એન–૧ થી એન–પ ની ચકાસણી કરતા લખાણમા  એકરૂપતા જોવા મળેલી અને તેમા કોઈ નકલ કરતા હોય તેવા લક્ષણો જોવા મળતા નથી અને તેમા વળાંકના લખાણ મુકતપણે લખેલ છે જે તેના સાચાપણાની નીશાની છે જે તકરારી લખાણ અને કુદરતી લખાણમા જોવા મળેલ. તકરારી લખાણ ડી–૧ થી  ડી–૨પ મા અને કુદરતી લખાણ એન–૧ થી એન–પ મા નોંધપાત્ર સામ્યતાઓ જોવા મળેલ જે તમામ નોંધપાત્ર લક્ષણો તકરારી સહીઓમા જોવા મળ્યા તે જ કુદરતી સહીઓમા જોવા મળ્યા. જેને વ્યકતીગત લાક્ષણીકતાઓ કહેવાય છે. વાદળી કુંડાળા વાળી કુદરતી સહીઓ એન–૧ થી એન–પમા મને તેના એકઝીકયુશનમા મને એકરૂપતા જોવા મળી, તેની લખવાની સ્વતંત્રતા અને લખવાના ફેરફારો જોવા મળ્યા જે કોઈની નકલનુ લક્ષણ નથી પરંતુ સાચાપણાની નીશાની છે. જયારે તકરારી સહીઓ માર્ક ડી–૧ થી ડી–૨પ ચકાસતા અને તેમને કુદરતી સહીઓ માર્ક એન–૧ થી એન–પ સાથે સરખાવતા તેમા નોંધપાત્ર સમાનતાઓ જોવા મળી જે આ મુજબ છે. વાદળી કુંડાળાવાળી કુદરતી સહીઓ માર્ક એન–૧ થી એન–પ ને ચકાસતા મે તેમા શરૂઆતમા સામ્યતા જોવા મળી, લખવાની સ્વતંત્રતા જોવા મળી અને જેમા કોઈ નકલ કરવાના લક્ષણો જોવા મળ્યા નથી.

(૨)  તકરારી લખાણો માર્ક ડી–૧મા અક્ષર ''અ'' ની પહેલા ભાગની શરૂઆત ઉપર જતી જેના અંદરના ભાગમા  '' TICK MARK'' છે જે ઘડીયાળના કાંટાની દિશામા છે અને તેનો પહોળો વળાંક જોવા મળે છે, સાંકળી ''આઈલેટ'' જોવા મળે છે અને નીચેના ભાગે લાંબો વળાંક જોવા મળે છે અને લીટી ''રીટ્રેસ'' અથવા સાંકળો ''આઈલેટ'' જોવા મળે છે. અક્ષરના અંતમા ઉપરના ભાગે ''રીટ્રેસ'' જોવા મળે છે અને તેનો સીધો નીચેના ભાગમા લાંબો અંત છે જે શબ્દો ''અંશ'' જે માર્ક ડી–૧ થી ડી–પમા છે તથા શબ્દ આશાપુરામા ડી–૭મા જોવા મળે છે તથા શબ્દ ''આઠસો''મા ડી–૧૧, ડી–૧૨ અને ડી–૨પમા જોવા મળે છે. શબ્દ ''એક લાખ''મા માર્ક ડી–૮થી ડી–૧૦ અને ડી–૧૩ મા જોવા મળે છે.

**આ તબકકે કોર્ટ સમય પુર્ણ થતા વધુ સરતપાસ મુલતવી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૨૪/૧૧/૨પ.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી.  ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી.  ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.

(શરૂ–૦૧:૨૯, પુર્ણ–૦૨:૦૩)



**ફરી સોગંદ આપ્યા.....**

**બચાવપક્ષે સરતપાસ આરોપી જાતે**

(૨) ....તથા શબ્દ '' ઓગણસાંઈઠ'' અને ''આઠસો'' માર્ક–ડી–૧૧મા જોવા મળે છે. તેમજ માર્ક–ડી–૧૪મા શબ્દ ''અઠાણુ'' મા જોવા મળે છે તેમજ માર્ક–ડી–૧૭મા શબ્દ ''ઓગણીસ''મા જોવા મળે છે તેમજ શબ્દ ''અગીયાર'' માર્ક–ડી–૧૮મા જોવા મળે છે તથા શબ્દ ''એક્યાશી'' માર્ક–ડી–૧૯મા જોવા મળે છે તથા શબ્દ ''અઠાવન'' ડી–૨૧મા જોવા મળે છે તથા શબ્દ ''ઓગણસીતેર'' ડી–૨૪મા જોવા મળે છે તથા શબ્દ ''એન્ટરપ્રાઈઝ'' માર્ક–ડી–૧ થી ડી–૫, ડી–૧૯ અને ડી–૨૫મા જોવા મળે છે જે બધા કુદરતી લખાણો માર્ક–એન–૧ થી એન–૫ માના શબ્દો ''અશોકકુમાર'' મા જોવા મળ્યા.

(૩) અક્ષર ''શ'' લખવાની પધ્ધતીમા એક બાજુના ખુણેથી ઘડીયાળના કાંટાની દિશામા ઉપર જતુ જોવા મળે છે અને પહોળો વળાંક જોવા મળે છે તથા તેના આડી દિશામા બંધ આઈલેટ (EYELET) જોવા મળે છે જે વચ્ચેના ભાગે છે અને તેનુ નીચેના ખુણા તરફ અંતના ખુણા તરફ જતુ જે જમણી બાજુ જે શબ્દ ''અંશ'' જે તકરારી લખાણ ડી–૧ થી ડી–પમા છે અને શબ્દ ''આશાપુરા'' મા માર્ક–ડી–૬ અને ડી–૭મા છે જે સમાનપણે કુદરતી લખાણ (અશોકકુમાર) એન–૧ થી એન–૫ સમાનપણે જોવા મળે છે.

(૪) અક્ષર ''ક'' ની શરૂઆતમા ઘડીયાળની ઉલટી દિશામા ઉપર થી નીચેની બાજુ શરૂઆત થાય છે અને ડાબી બાજુ ખુણો બનાવે છે અને જેની શરૂઆત અંદરના ભાગે (TICK)બનાવે છે ત્યાર પછી તેની નીચેના ભાગે જતી મુવમેન્ટમા આડી લીટીમા ડાબીબાજુમા અપવર્ડ ફીનીશ બનાવે છે જે તકરારી અને અને કુદરતી લખાણોમા સરખા જોવા મળે છે. શરૂઆત અને અંતનુ રીલેટીવ લોકેશન સીધીલીટીનો વચ્ચેનો ક્રોસ્ડ સ્ટોક પણ સામ્યતા જોવા મળેલ છે.

(૫) અક્ષર ''ર'' ની શરૂઆત જે સીધીલીટીમા જઈને ઉપરના ભાગે શરૂઆત છે અને શરૂઆતમા (TICK)બનાવે છે અને વચ્ચેના ભાગે પહોળો આઈલેટ (EYELET) બનાવે છે અને તેનુ નીચેના ભાગે ખુણા તરફ ફીનીશ છે જે તકરારી શબ્દો ''એન્ટરપ્રાઈઝ'', ''હજાર'', ''કરોડ'', ''એકોતેર'' વગેરેમા તથા કુદરતી લખાણ એન–૧ થી એન–૫ ના શબ્દો ''કુમાર'' અને ''બાપોદરીયા'' મા સામ્યતાઓ જોવા મળે છે.

(૬) અક્ષર ''પ'' ના પહેલા ભાગે ઉપરના ભાગે શરૂઆત જોવા મળી અને તેનો શરૂઆતનો ભાગ અર્ધ ગોળાકાર જોવા મળે છે જે ગુજરાત અક્ષર ''ય'' જે તકરારી લખાણો અને કુદરતી લખાણો મા શબ્દ ''રૂપિયા'' અને ''પુરા'' જે તકરારી લખાણો ડી–૧ થી ડી–૨૫ મા છે તથા શબ્દ ''પ્રજાપતી'' માર્ક–ડી–૧૮ મા છે તથા શબ્દ ''સર્વોપરી'' જે માર્ક ડી–૨૧ અને ૨૨ મા છે, શબ્દ ''પંદર'' જે માર્ક ડી–૨૫મા છે. આ બધી સામ્યતાઓ કુદરતી લખાણો માર્ક એન–૧ થી એન–પમા સમાનપણે જોવા મળી.

(૭) અક્ષર ''ચ'' ની શરૂઆત અને અંત તકરારી અને કુદરતી લખાણોમા સરખા જોવા મળ્યા.

(૮) અક્ષર ''ડ'' ની શરૂઆત અને અંત તકરારી અને કુદરતી લખાણોમા સરખા જોવા મળ્યા.

(૯) અક્ષર ''મ'' ની શરૂઆત અને અંત તકરારી અને કુદરતી લખાણોમા સરખા જોવા મળ્યા.
(૧૦) અક્ષર ''ગ'' ની શરૂઆત અને અંત તકરારી અને કુદરતી લખાણોમા સરખા જોવા મળ્યા.
(૧૧) અક્ષર ''લ'' ની શરૂઆત અને અંત તકરારી અને કુદરતી લખાણોમા સરખા જોવા મળ્યા.
(૧૨) અક્ષર ''બ'' ની શરૂઆત અને અંત તકરારી અને કુદરતી લખાણોમા સામ્યતા જોવા મળી.
(૧૩) ઉપરોકત વર્ણવેલ વ્યકતીગત લાક્ષણીકતાઓ સીવાય તેમની જનરલ લાક્ષણીકતાઓમા પણ સામ્યતાઓ જોવા મળી જે નીચે પ્રમાણે છે.
(૧૪) લખવાની મુવમેન્ટ જે કાંડાથી લખાયેલ છે,

**આ તબકકે રીશેષ સમય થતા વધુ સરતપાસ મુલતવી.**
**સ્થળ:– હળવદ.**
**તારીખ:– ૦૧/૧૨/૨૫.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

(શરૂ–૦૪:૩૩, પુર્ણ–૦૫:૫૫)



**ફરી સોગંદ આપ્યા.....**

**બચાવપક્ષે સરતપાસ આરોપી જાતે**

(૧૪) લખવાની મુવમેન્ટ જે કાંડાથી લખાયેલ છે તથા લખવાની સ્પીડ, લાઈન કવોલીટી, સ્કીલ, સ્લેન્ટ, એલાઈન્મેન્ટ, સ્પેશીંગ, રીલેટીવ સાઈઝ અને પ્રપોશન ઓફ લેટર્સ એન્ડ ધેર કોમ્બીનેશનમા તકરારી અને કુદરતી લખાણોમા સામ્યતા જોવા મળેલ.

(૧૫) ટુંકમા તકરારી લખાણો ડી–૧ થી ડી–૨૫ અને કુદરતી લખાણો એન–૧ થી એન–૫મા કોઈ નોંધપત્ર તફાવત જોવા મળતો નથી.

(૧૬) તકરારી લખાણો ડી–૧ થી ડી–૨૫ મુકત રીતે લખેલ છે અને તેમનામા કુદરતી ફેરફાર જોવા મળેલ છે તેમા નકલ કરેલ હોય તેવા કોઈ લક્ષણો જોવા મળતા નથી. કુદરતી લખાણો માર્ક– એન–૧થી એન–૫ જે સરખામણી સારૂ મળેલા છે તે ચોકકસ અભિપ્રાય ઉપર આવવા માટે યોગ્ય અને પુરતા છે. ઉપરોકત સામ્યતાઓ સંયુકતપણે ધ્યાનમા લેતા તે લખાણ મારા અભિપ્રાયે જે એક જ વ્યકતીના લખેલ છે, તેને સમર્થન કરે છે. મારો ઉપરોકત અભિપ્રાય તા.૧૦/૦૭/૨૦૨૨નો છે.

**ફરીયાદપક્ષે પ્રોકસીથી ઉલટતપાસ વિ.વ.શ્રી એલ.જી. સોનગ્રા.**

(૧૭) હું સને ૧૯૭૮ થી સને ૨૦૧૧ સુધી હસ્તાક્ષર નિષ્ણાત તરીકે મારી ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે હું નવેમ્બર–૨૦૧૧મા નિવૃત થયેલ છુ.

સવાલ:– તમને હસ્તાક્ષર નિષ્ણાત તરીકે કોર્ટના હુકમથી બોલાવવામા આવેલ નથી?

જવાબ:– હું નામ.કોર્ટના સમન્સના આધારે નામ. કોર્ટમા જુબાની આપવા સારૂ આવેલ છુ.

એ વાત ખરી છે કે કોઈપણ હસ્તાક્ષરનો અભિપ્રાય અસલ દસ્તાવેજોને આધારે ચકાસણી કરી આપી શકાય. એ વાત ખરી છે કે મને નામ.કોર્ટનો સમન્સ મળેલ છે. એ વાત ખરી છે કે હું અને આરોપી અમદાવાદથી મુદતે સાથે આવીએ છીએ. એ વાત ખરી છે કે મે આ કામે જે અભિપ્રાય આપેલ છે તે ચેકમા કરેલ સહી અંગે કોઈ અભિપ્રાય આપેલ નથી પરંતુ સહી સીવાયના અન્ય લખાણનો અભિપ્રાય આપેલ છે.એ વાત ખરી છે કે મે આંક–૩૫વાળોચેક સાથે રાખીને મારો અભિપ્રાય આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે આંક–૩૫વાળા ઝેરોક્ષ ચેકના આધારે મારો અભિપ્રાય આપેલ છે. એ વાત ખરી છે કે આંક–૩૫વાળા ચેક અંગે જે અભિપ્રાય આપવામા આવ્યો છે તે અંગે બચાવપક્ષે કોર્ટમા એફએસએલ, ગાંધીનગરનો અભિપ્રાય મંગાવવા માટે અરજી આપી હોય અને તે અરજી મંજુર થયા પછી તમામ અસલ દસ્તાવેજી પુરાવાઓ કોર્ટથી મોકલવામા આવ્યા હોય અને ત્યારબાદ બચાવપક્ષ તેમજ ફરીયાદપક્ષના કુદરતી લખાણના દસ્તાવેજો સાથે નીયત નમુનામા મોકલી અને હાલના આંક–૩૫વાળા ચેક અંગે અભિપ્રાય આપ્યો હોય, તેવી કાર્યવાહી અનુસરી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નવીનચંદ્રભાઈએ જાતે હું સ્વતંત્ર રીતે ખાનગી હસ્તાક્ષર નિષ્ણાત તરીકે નીવૃતી બાદ કામગીરી કરતો હોવાથી મોકલેલ અને તે આધારે મે આ અભિપ્રાય આપેલ છે. એ વાત ખરી છે કે આ કામે આરોપીએ મને ખાનગી હસ્તાક્ષર નિષ્ણાત તરીકે નીવૃતી બાદ કામગીરી કરતો હોવાથી ધ્રુવભાઈએ મને આંક–૩૫ના ચેકના અભિપ્રાય માટે અરજી મોકલેલ હોય અને તે આધારે મે આ અભિપ્રાય આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે કોઈપણ દસ્તાવેજમા લખાયેલ લખાણ અંગે અભિપ્રાય આપવાનો હોય ત્યારે તે હસ્તાક્ષરના લખનાર અને પડકારનારના કુદરતી લખાણના નીયમ અનુસારના

નમુના સાથે મેળવણુ કરી ત્યારબાદ અભિપ્રાય આપવાનો હોય છે. એ વાત ખરી છે કે મે આંક–૩૫વાળા ચેક અંગેના લખાણ અંગે કોઈ અસલ દસ્તાવેજો ચકાસેલ નથી. એ વાત ખરી છે કે મે આ કામે જે અભિપ્રાય આપેલ છે તે વચગાળાનો(પ્રોવિઝનલ) અભિપ્રાય આપેલ છે. એ વાત ખરી છે કે મે આંક–૩૫ના ચેક અંગે કોઈ આખરી અભિપ્રાય આપેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે આંક–૩૫ના ઝેરોક્ષમા નામ અને શબ્દમા લખેલ રકમના લખાણના આધારે અભિપ્રાય આપેલ છે. એ વાત ખરી છે કે અશોકભાઈ મારી રૂબરૂમા કોઈ દસ્તાવેજમા લખાણ કર્યુ હોય અને તેના આધારે આંક–૩૫વાળા ચેકનો અભિપ્રાય આપ્યો હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે હું હસ્તાક્ષર નિષ્ણાત છુ. એ વાત ખરી છે કે હસ્તાક્ષરનો અભિપ્રાય નીતી નીયમો મુજબ આપવાનો હોય છે.

સવાલ:– તમે ફરીયાદપક્ષ અને આરોપીપક્ષના કુદરતી લખાણ લઈ અભિપ્રાય આપેલ હોય તેવુ બનેલ નથી?

જવાબ:– હા, પરંતુ મે સમકાલીન લખાણો અને સહીઓના આધારે અભિપ્રાય આપેલ છે.

એ વાત ખરી નથી કે આછી પેન અને ઘાટી પેન હોય તો લખાણમા ફેરફાર આવે. એ વાત ખરી છે કે જુનાઅને નવા લખાણમા ઉપરછલ્લા ફેરફારો સંભવીશકે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મુળભુત ફેરફારો થતા નથી. એ વાત ખરી છે કે મે રજુ રાખેલ અભિપ્રાયવાળા લખાણોમા અશોકકુમાર ગાંડાલાલ બાપોદરીયાના હસ્તાક્ષરો છે તેવુ ચોકકસપણે કહી શકુ નહી. એ વાત ખરી નથી કે આરોપીને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૦૧/૧૨/૨૫.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.